GJPM050003272025

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ | | |
| રજી. તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

सत्यमेव जयते

*****************************************************

## શહેરાના મહેરબાન એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુકામ:– શહેરા.

*****************************************************

**ક્રિમીનલ કેસ નંબર : ૨૫૨/૨૦૨૫**
**આંક :**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**:: વિરુદ્ધ ::**

**આરોપી** :– દિનેશકુમાર પ્રતાપભાઈ બારીઆ,
રહે.: વાઘજીપુર ડાભી ફળીયું,
તા. શહેરા, જી. પંચમહાલ.

**ગુન્હો :– એમ.વી.એકટ કલમ– ૧૮૫, ૩(૧)૮૧ તથા પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબ**

**સરકાર પક્ષ તરફે :: એ.પી.પી. શ્રી કે.એસ.ભાટીયા**
**બચાવ પક્ષ તરફે :: વિ.વ. શ્રી આર.પી.પરમાર**

**:: જજમેન્ટ ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૦/૦૧/૨૦૨૫ ના કલાક ૧૩/૦૦ વાગ્યે મોજે વાઘજીપુર શહેરા હાઈવે રોડ ઉપર પટીયા ગામે પ્રોહી. પ્રતિબંધિત એરીયામાં વગર પાસ પરમીટે નશો કરેલ હાલતમાં, જાહેરમાં પોતાના કબજાની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ નંબર GJ17CL4961 ની ડ્રાઈવીંગ લાઇસન્સ વગર ચલાવી લઈ આવી પકડાઈ જઈ એમ.વી. એકટની કલમ– ૧૮૫, ૩(૧)૮૧

તથા પ્રોહી. એક્ટની કલમ– ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ થતા આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોક્ત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦/ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ છે.

(૩) **ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કનુભાઇ કુંવરસિંહ બારીઆની જુબાની | ૦૫ |
| ૨ | પંચ સાહેદ મહેન્દ્રભાઇ દુધાભાઇ પગીની જુબાની | ૦૮ |
| ૩ | પંચ સાહેદ ભુપેન્દ્રભાઇ શનાભાઇ પગીની જુબાની | ૧૦ |
| ૪ | ડો.સાહેદ ડો.અશ્વિનકુમાર ભગતસિંહ રાઠોડની જુબાની | ૧૩ |
| ૫ | સાહેદ સિદ્ધરાજસિંહ સામંતસિંહની જુબાની | ૧૯ |
| ૬ | ત.ક.અમલદાર તુષારકુમાર પ્રભાતસિંહની જુબાની | ૨૨ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૬ |
| ૨ | પંચનામુ | ૦૯ |
| ૩ | પોલીસ યાદી | ૧૪ |
| ૪ | ફોર્મ– એ | ૧૫ |
| ૫ | ફોર્મ– બી | ૧૬ |
| ૬ | ફોર્મ– સી | ૧૭ |

(૪) સદરહુ કામે ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા આ કામના આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧/ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપી વિરુદ્ધ ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) **આમ, ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.**

૧.) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૦/૦૧/૨૦૨૫ ના કલાક ૧૩/૦૦ વાગ્યે મોજે વાઘજીપુર શહેરા હાઇવે રોડ ઉપર પટીયા ગામે પ્રોહી. પ્રતિબંધિત એરીયામાં વગર પાસ પરમીટે નશો કરેલ હાલતમાં, જાહેરમાં પોતાના કબજાની એચ. એફ. ડીલક્ષ મોટર સાયકલ નંબર GJ17CL4961 ની ડ્રાઇવીંગ લાઇસન્સ વગર ચલાવી લઇ આવી પકડાઇ જઇ એમ.વી. એકટની કલમ- ૧૮૫, ૩(૧)૮૧ તથા પ્રોહી. એક્ટની કલમ- ૬૬(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨.) શું હુકમ ?

**(૭) ઉપરોક્ત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.**

૧.) નકારમાં.

૨.) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબર :-૧</u>**

**(૮) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદોને સોગંદ પર તપાસેલ છે.**

(૮.૧) આ કામે ફરીયાદ પક્ષે આંક: ૦૫ થી ફરીયાદી કનુભાઇ કુંવરસિંહ બારીઆ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા અન્ય સ્ટાફ ના માણસો સાથે વાહન ચેકીંગમા પટીયા ગામે રોડ પર હતા ત્યારે એક મો.સા. નો ચાલક રસ્તા ઉપર આમતેમ રેલાતી ડોલાતી હં કારી લઈને આવતા સદર ઈસમ ને ઈશારો કરી તેની મો.સા. ઉભી રખાવી જોતા તે નશો કરેલી હાલતમા જણાતા નજીકમાથી બે પંચો બોલાવી પંચો રુબરુ ચાલકનુ નામઠામ પુછતા તેને પોતાનુ નામદીનેશકુમાર પ્ર તપાપભાઈ બારીઆ રે.વાઘજીપુર તા.શહેરા ના હોવાનુ તોતડાતી જીભે જણાવેલ. સદર ઈસમની આખો જોતા નશાથી ઘેરાચેલ લાલચોળ દેખાતી હોચ અને પંચોથી ઈસમનુ મોઢુ સુઘાવી દારુની પુષ્કળ વાસ આવતી હોચ સદર ઈસમને ચલાવી જોતા આમતેમ લથડીયા ખાતો હોચ તેની પાસે નશો કરેલી હાલતમાં વાહન ચલાવવા બદલ પાસ પરમીટ કે બીજો કોઈ આધાર પુરાવો માગતા તે ન હોચ સદર ઈસમને અંગ જડતી કરી તેના કબજાની મો.સા. નં.જી.જે.૧૭ સી.એલ.૪૯૬૧ તપાસ અર્થે કબજે લઈ ઈસમની અટક કરેલ.બનાવ અંગે મે ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે ફરીયાદમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જે ફરીયાદ આંક: ૦૬ થી રજુ કરેલ છે.

આરોપી ને જોયેથી હું ઓળખુ છુ છે જે આજરોજ નામદાર કોર્ટ મા હાજર છે.

વધુમાં તેઓ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે લુણાવાડા શહેરા રોડ ઉપર વાહનો અને માણસોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે રાત્રીનો ઉજાગરો હોય તો કોઈપણ વ્યકિતની આંખો લાલ હોય. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિત નશાની હાલતમાં છે તે માટે માઉથ એનાલાઈઝર મશીનનો ઉપયોગ કરેલ નહી. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિતને કુદરતી ખોડ ખાપણ હોય તો તોતડાતો બોલી શકે. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિતની તબીયત સારી ના હોય તો લથડીયા ખાય.

(૮.૨) આ કામે ફરીયાદ પક્ષે આંક: ૦૮ થી પંચ સાહેદ મહેન્દ્રભાઇ દુધાભાઇ પગી તથા આંક: ૧૦ થી પંચ સાહેદ ભુપેન્દ્રભાઇ શનાભાઇ પગી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ પરના પુરાવામાં માત્ર આંક : ૦૯ ના પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઇ મહત્વની હકીકતને સમર્થન આપતો પુરાવો નહી આપતા હોય અને પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઇ જાતની માહિતી નહી હોવાનુ જણાવતા હોય તેઓની જુબાનીમાં રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલાનું માની શકાય નહી.

વધુમાં તેઓ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલ તે સિવાય કશું જાણતા નથી.

(૮.૩) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૧૩ થી ડો.સાહેદ ડો.અશ્વિનકુમાર ભગતસિંહ રાઠોડ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના કલાક ૦૧:૦૦ ના સુમારે પો.કર્મચારી શ્રી પો.કો.સિધ્ધરાજસિંહ સામતસિંહ,બ.નં.૧ ૦૧૦ ના ઓ એક ઈસમ નામે આરોપી દીનેશકુમાર પ્રતાપભાઈ બારીયા,

રહે.વાઘજીપુર, તા.શહેરા નાઓને તેમની સાથે હતા જેમનો પ્રોહીબીશન અંગેનો બ્લડ ટેસ્ટ કરવાનુ જણાવેલ. આ દર્દીને તપાસતા તેનો શ્વાસમા આલ્કોહોલની વાસ આવતી હતી,બોલી સ્પષ્ટ, ચાલ વ્યવસ્થિત તથા આંકની કીકી પહોળી હતી. મારા મતે આ વ્યકિતએ આલ્કોહોલ લીધેલ હતુ અને આલ્કોહોલની અસર હેઠળ ન હતો. આ અંગે ફોર્મ એ મા વિગતો ભરી આ દર્દીના ડા.હા.ના અગંઠાનુ નિશાન લીધેલ. ત્યારબાદ તે ઈસમના શરીરના જે ભાગમાંથી સેમ્પલ લેવા નુ હતુ તે ભાગને નિશ્ચ દીત પાણીથી સાફ કરી ૦૫ મી.લી. બ્લડ એક અગાઉથી સ્વચ્છ કરેલ ફીયાલમાં લઈ તેમાં પ્રીરઝરવેટીવ તથા એન્ટીકોએગ્યુલન્ટ ઉમેરી બોટલને હલાવી શીલ કરી ફોર્મ બી તમામ વિગત ભરી લોહી લેવામાં આવેલ હતુ. તે ભાગની ચામડી ડીસ્ટીલ વોટરથી સાફ કરેલ હતી અને લોહી લેતી વખતે કોઈ પણ તબક્કે આલ્કોહોલ અથવા તેના દ વ્યનો સ્પર્શ થએલ નથી તે અંગેની પુરેપુરી કાળજી લીધેલ હતી. જે નમુનો રજીસ્ટર પોસ્ટ મારફતે એફ.એસ.એલ ગાંધીનગરમાં મોકલેલ. પોલીસ ચાદી, ફોર્મ–એ, ફોર્મ–બી, ફોર્મ–સી આ કામે આંક– ૧૪ થી ૧૭ સુધીના રજુ કરેલ છે. વધુમાં ફોર્મ–સી માં દર્દીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૮૭૮ ગ્રામ પર્સન્ટેઝ આવેલ છે.

વધુમાં તેઓ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, આલ્કોહોલ ચુકત દવા બજારમાં થી સહેલાઈથી મળી શકે છે. એ વાત ખરી છે કે, હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓને તપાસવામાં આવે છે તે રૂમમાં જ આરોપીના લોહીની તપાસ કરવામાં આવે છે. આરોપીના લોહીનો નમુનો લેવા માટે કોઈ સ્ટાફની મદદ લેવા માં આવેલ નહી. એ વાત ખરી છે કે, પ્રિઝર્વેટીવ તથા એન્ટીકોએગ્યુલન્ટ કેટલા ચોક્કસ પ્રમાણમાં ઉમેરવામાં આવેલ તે ફોર્મ–બી માં જણાવેલ નથી. સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, આરોપીના હાથના અંગુઠાનું નિશાન લીધેલ છે.

(૮.૪) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૧૯ થી સાહેદ સિદ્ધરાજસિંહ સામંતસિંહ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા અન્ય સ્ટાફ ના માણસો સાથે વાહન ચેકીંગમા પટીયા ગામે રોડ પર હતા ત્યારે એક મો.સા. નો ચાલક રસ્તા ઉપર આમતેમ રેલાતી ડોલાતી હંકારી લઈને આવતા સદર ઈસમ ને ઈશારો કરી તેની મો.સા. ઉભી રખાવી જોતા તે નશો કરેલી હાલતમા જણાતા નજીકમાથી બે પંચો બોલાવી પંચો રુબરુ ચાલકનુ નામઠામ પુછતા તેને પોતાનુ નામ દીનેશકુમાર પ્રતપાપભાઈ બારીઆ રે.વાઘજીપુર તા.શહેરાના હોવાનુ તોતડાતી જીભે જણાવેલ. સદર ઈસમની આખો જોતા નશાથી ઘેરાયેલ લાલચોળ દેખાતી હોય અને પંચોથી ઈસમનુ મોઢુ સુંઘાવી દારુની પુષ્કળ વાસ આવતી હોય સદર ઈસમને ચલાવી જોતા આમ તેમ લથડીયા ખાતો હોય તેની પાસે નશો કરેલી હાલતમાં વાહન ચલાવવા બદલ પાસ પરમીટ કે બીજો કોઈ આધાર પુરાવો માગતા તે ન હોય સદર ઈસમને અંગ જડતી કરી તેના કબજાની મો.સા. નં.જી.જે.૧૭ સી.એલ.૪૯૬૧ તપાસ અર્થે કબજે લઈ ઈસમની અટક કરેલ. બનાવ અંગે તેઓનો જવાબ લીધો હતો. આરોપીને જોયેથી ઓળખી શકે છે. આરોપીની ઓળખ બાબતે તકરાર નથી.

વધુમાં તેઓ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે લુણાવાડા શહેરા રોડ ઉપર વાહનો અને માણસોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે રાત્રીનો ઉજાગરો હોય તો કોઈપણ વ્યકિતની આંખો લાલ હોય. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિત નશાની હાલતમા છે તે માટે માઉથ એનાલાઈઝર મશીનનો ઉપયોગ કરેલ નહી. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિતને કુદરતી ખોડ ખાપણ હોય તો તોતડાતો બોલી શકે. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિતની તબીયત સારી ના હોય તો લથડીયા ખાય.

(૮.૫) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૨૨ થી

ત.ક.અમલદાર તુષારકુમાર પ્રભાતસિંહ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, સને ૨૦૨૫ મા હુ શહેરા પો.સ્ટે.મા અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે મને શહેરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૫૮/૨૦૨૫, એમ. વી. એકટ ની કલમ-૧૮૫(૩), (૧) તથા ૮૧ તથા પ્રોહી. ૬૬(૧)બી વિગેરે ગુનાની તપાસ અમોને સોંપાતા તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીના બ્લડ સેમ્પલની તપાસ અંગેની કાર્યવાહી કરી તે અંગેનુ સર્ટી ડૉકટર પાસેથી મેળવેલ. મારી તપાસ દરમ્યાન આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા આરોપીને અટક કરી જામીન રજુ કરતા જામીન ઉપર મુકત કરેલ. મારી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોય આરોપી વિરુદ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે. નામદાર કોર્ટમા આરોપીને ઓળખી બતાવેલ છે.

વધુમાં તેઓ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ની જીભ કુદરતી રીતે ટુંકી હોય તો તે તોતડાતી ભાષા બોલે છે. એ વાત ખરી છે કે વધુ ઉજાગરો હોય તો આંખો લાલ હોઈ શકે. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન માત્ર પોલીસ સાહેદોના નીવેદનો લીધેલા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર તે ભરચક વસ્તીવાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે બનાવના સ્થળે લઈ ગયેલ ગાડીઓની લોગબુક આ કામે રજુ કરેલ નથી.

(૯) આ કામે પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમજ તેઓએ ફરીયાદની હકીકતોને કોઈ સમર્થન આપેલ નથી તેમજ તેઓએ તૈયાર કાગળમાં ફકત ને ફકત સહીઓ કરેલ છે જેથી આ કામે રજુ પંચનામુ સાબિત થયેલ નથી. આ કામે આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. જેથી ફરીયાદીની ફરીયાદને સમર્થન મળતુ નથી.

વધુમાં આ કામે ત.ક.અ.એ ફરીયાદને અનુરૂપ કાર્યવાહી કરેલ છે તેમજ કોઈ મહત્વની હકીકત બહાર લાવી શકેલ નથી. વધુમાં આ કામે ડોકટરશ્રીએ જે કામગીરી કરેલ છે તે પણ રૂટીન પ્રમાણેની કરેલ હોય તેમા મેન્ડેટરી પ્રોવીઝનનો ભંગ થતો હોય તેવુ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

(૧૦) ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા આરોપી સામેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સાથે સાંકળતી એકમેક કડી પુરવાર કરવામાં આવેલ પુરાવો ફરીયાદ પક્ષનો વિશ્વાસનીય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય જેથી આ કામે તપાસેલ સાક્ષીઓની સોગંદ પરની જુબાની ધ્યાને લેતા એક કડી બીજી કડીને સંલગ્ન ન હોય તેમજ ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના સિધ્ધાંતને ધ્યાને લેતા, આરોપી વિરુદ્ધનો કેસ સાબિત થતો ન હોઈ આરોપીની સામે એમ.વી. એકટની કલમ- ૧૮૫, ૩(૧)૧૮૧ તથા પ્રોહી. એક્ટની કલમ- ૬૬(૧)(બી) મુજબના ફરીયાદ પક્ષ આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદ પક્ષ આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકા થી પર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નં. ૧ નકારમાં ઠરાવીને મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: <u>આ ખ રી હુ ક મ</u> ::

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૧(૧)/ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે એમ.વી. એકટની કલમ- ૧૮૫, ૩(૧)૧૮૧ તથા પ્રોહી. એક્ટની કલમ- ૬૬(૧)(બી) મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧/ ક્રિ.પ્રો.કોડની કલમ- ૪૩૭(એ) અન્વયે આરોપીના જામીનખત અપીલ સમય સુધી

ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તા. ૩૦/૦૭/૨૦૨૬**
સ્થળ: શહેરા

**(આરઝુ રમણલાલ તાપીયાવાલા)**
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, શહેરા.
**જજ કોડ:– જી.જે.૦૦૭૩૩**